# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-11-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VAAV PETA CHUTNI RESULT

લોકસભાની બે બેઠકો કેરળની વાયનાડ અને મહારાષ્ટ્રની નાંદેડ તથા 13 રાજ્યોની 46 વિધાનસભા બેઠકોની યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે.

તે જ રીતે, રાજ્યના બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીની આજે યોજાયેલી મતગણતરીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો 2500થી વધુ મતોથી વિજય થયો છે. ભાજપ ઉમેદવારનો વિજય થતા કાર્યકર્તાઓએ આ વિજયને વધાવી લીધો હતો. આ અંગે વધુ માહિતી આપે છે અમારા બનાસકાંઠાના પ્રતિનિધી સવજી ચૌધરી...

**(બાઇટ- સવજી ચૌધરી- બનાસકાંઠા)**

ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠાની લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર વિજયી થતાં તેમણે વાવ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપ્યું હતું, જેથી આ બેઠક ખાલી પડી હતી.

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ 116મી કડી  હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને Newsonair મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. તે એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ લાઈવ-સ્ટ્રીમ થશે. આકાશવાણી

હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ કરશે.

## AHMEDABAD ADHAR CENTRES CLOSED

અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સંચાલિત 47 આધારકાર્ડ નોંધણી કેન્દ્રો આજે 12 વાગ્યા બાદ બંધ કરાયા છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, ભારત સરકાર દ્વારા આધાર કાર્ડના કર્મચારીઓને તાલીમ આપવાની હોવાથી આ નિર્ણય લેવાયો છે. 25મી નવેમ્બર સોમવારથી કામગીરી રાબેતા મુજબ શરૂ થશે, એમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

## Syed Mushtaq Ali match

મધ્યપ્રદેશના ઇન્દોરમાં આજથી સૈયદ મુસ્તાક અલી ટી-20 સ્પર્ધાનો પ્રારંભ થશે. સ્પર્ધાની પ્રથમ મેચમાં આજે ગુજરાત અને બરોડા વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 4-30 વાગે શરૂ થશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતની ટીમ અક્ષર પટેલની સુકાની હેઠળ તો બરોડાની ટીમ કૃણાલ પટેલના સુકાનીપદ હેઠળ રમશે. જ્યારે આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રની ટીમ પ્રથમ મેચમાં સિક્કીમ સામે રમશે.

## RAJKOT SWIMMING COMP.

રાજકોટના સરદાર પટેલ સ્નાનાગર ખાતે આવતીકાલથી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધાનો પ્રારંભ થશે. જેમાં ૩૫૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે.

રાજકોટ ખાતે સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્વિમિંગ એસોસિએશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારતીય શાળાકીય સ્વીમીંગ સ્પર્ધામાં ૧૪, ૧૭ અને ૧૯ વર્ષથી ઓછી વયની કેટેગરીમાં શાળા, કોલેજના વિદ્યાર્થીઓ સ્વિમિંગ તેમજ ડાઈવીંગની સ્પર્ધામાં ભાગ લેશે.

રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં જુદી- જુદી ૧૭ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને આંતરરાષ્ટ્રીય સ્તરે શાળાકીય રમતમાં ભાગ લેવાની તેમજ વિવિધ એકેડમીમાં જોડાવાની પ્રાથમિકતા મળે છે.

# SURNEDRANAGAR- HEALTH CAMP

સુરેન્દ્રનગરમાં મીડિયાકર્મીઓ માટે નિઃશુલ્ક "હેલ્થ ચેકઅપ કેમ્પ" યોજાયો હતો. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને જિલ્લા માહિતી કચેરી, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે તેમણે મીડિયાકર્મીઓને તેઓની કામગીરી બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, "લોકો સુધી સમયસર અને સચોટ સમાચાર પહોંચાડવા માટે મીડિયાકર્મીઓ દિવસ - રાત ફરજ બજાવતાં હોય છે, ત્યારે રાજ્ય સરકારે તેમના આરોગ્યની સંભાળ લેવા માટે સમગ્ર રાજ્યમાં હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું છે, જે સરાહનીય છે." આ કેમ્પમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોએ લાભ લીધો હતો.